# ખોલવડમાં બે સંતાનની માતાનો ફાંસો ખાઈ આપઘાત



કામરેજ: ખોલવડની અમૃતકુંજ સોસાયટીમાં રહેતી બે સંતાનની માતાએ પંખાની હૂક સાથે સાડી બાંધી અગમ્ય કારણોથી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મૂળ જૂનાગઢ અને હાલ કામરેજના ખોલવડ ગામની હદમાં અમૃતકુંજ સોસાયટીમાં બી-01-104માં રહીને ઈલેક્ટ્રિકનું કામ કરતા રાકેશ ભગવાનજી બામરોલીયા મંગળવારે સવારે 7 કલાકે ઈલેક્ટ્રિક કામ કરવા માટે નીકળી ગયા હતા. ઘરે પત્ની મિનાક્ષીબેન (ઉં.વ.31) તેમજ બે સંતાન રજતકુમાર (ઉં.વ.9) અને દર્શિલકુમાર (ઉં.વ.1) હતા. રાકેશ રાત્રે આશરે 9 કલાકે કામ પરથી ઘરે આવ્યો ત્યારે પત્નીએ બહાર જમવા માટે જઈએ તેવું જણાવતાં વરસાદ હોવાથી બહાર જમવા માટે ગયા ન હતા. રાકેશ એપાર્ટમેન્ટમાં નીચે ગયો હતો ત્યાંથી રાત્રિના આશરે 10 કલાકે ઘરે આવ્યો હતો. રસોડાનો દરવાજો અંદરથી બંધ હોવાથી ખખડાવતાં પત્નીએ દરવાજો ન ખોલતાં શંકા જતાં ઘરના બીજા રૂમની બારીમાંથી રસોડામાં જોતાં પત્ની મિનાક્ષીબેને રસોડામાં લગાવેલા પંખાની એંગલ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બૂમાબૂમ કરતાં પાડોશમાં રહેતા લોકો દોડી આવી પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વધુમાં કયાં કારણોથી બે સંતાનની માતાએ આપઘાત કર્યો તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

# પીરામણની બેંકમાંથી ભૂલથી રૂ.1.94 કરોડ ખોટા ખાતામાં ગયા!

**મશીનરી** ખરીદવા માટે મંજૂર થયેલી લોનની રકમ અન્ય કંપનીના ICICI ખાતામાં જમા થઈ

**બાકીના** 54 લાખ ન આપતાં અંકલેશ્વરની બેંક ઓફ મહારાષ્ટ્રના ચીફ મેનેજરની સુરતના બે સામે ફરિયાદ

અંકલેશ્વર, ભરૂચ: બેંક ઓફ મહારાષ્ટ્રની પીરામણ શાખામાં તજવીજ દરમિયાન ભૂલથી 1.94 કરોડની રકમ ખોટા ખાતામાં ટ્રાન્સફર થઈ ગઈ હતી. બાદમાં આરોપીઓએ 1.40 કરોડ પરત કર્યા હોવા છતાં બાકીના 54 લાખ પરત ન આપતાં બંને આરોપી વિરુદ્ધ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકમાં ઠગાઈનો ગુનો નોંધવામાં આવ્યો છે.

અંકલેશ્વર પ્રતિન ચોકડી પાસે આવેલી બેંક ઓફ મહારાષ્ટ્રની પીરામણ શાખામાં ચીફ મેનેજર તરીકે બરખા પંકજ પુરોહિત ચાર મહિનાથી ફરજ બજાવે છે. તેમણે ચાર્જ સંભાળ્યો તે પહેલાં જ આ ઘટના બની હતી. પ્રીવાન ક્રિએશનના પ્રોપ્રાઈટર અક્ષયભાઈ પ્રવીણભાઈ વનપરીયાએ મશીનરી ખરીદવા માટે 1.94 કરોડની લોન માટે અરજી કરી હતી. લોન મંજૂર થયા બાદ તા.2/1/2026ના રોજ આ રકમ મેસર્સ એરલાઈન પ્રો ટેક્સટાઈલ મશીનરી પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ICICI બેંક ખાતા નં.(624605504710)માં ભૂલથી ટ્રાન્સફર થઈ ગઈ હતી. આ રકમ ખોટા ખાતામાં ટ્રાન્સફર થતાં બેંક મેનેજમેન્ટે તાત્કાલિક આરોપીઓને સંપર્ક કર્યો હતો. બેંકના મેનેજર વૈભવ સંતોષ મંડલોઈએ ભૂલચૂક અંગે જાણ કરતાં NEFT સેલને પણ મેઈલ કરવામાં આવ્યો હતો. તા. 6/1/2026ના રોજ બેંકના ચીફ મેનેજર આલોકકુમાર શ્રીવાસ્તવ સુરત ખાતે આરોપીઓને મળવા ગયા હતા. ત્યારે આરોપીઓએ રકમ પરત કરવાની ખાતરી આપી હતી.

આરોપીઓએ તા.8/1/2026ના રોજ 90 લાખ અને 10 લાખ તેમજ તા.12/1/2026ના રોજ 40 લાખ એમ કુલ રૂ.1.40 કરોડ પરત કર્યા હતા. જોકે, બાકીના 54 લાખની રકમ આજ સુધી પરત મળી નથી. આ ઘટનામાં સામેલ મેસર્સ એરલાઈન પ્રો ટેક્સટાઈલ મશીનરી પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ICICI બેંક ખાતા ધારકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. આરોપીઓમાં દીપક સુશીલકુમાર શુકલા (રહે.,F-303, શ્રી નાથજી એપાર્ટમેન્ટ, પાંડેસરા, સુરત) અને શિવમ અશોકકુમાર મિશ્રાનો સમાવેશ થાય છે. બેંકને 54 લાખની રકમ પરત ન મળતાં અંકલેશ્વર બી ડિવિઝન પોલીસમાં બંને આરોપી સામે ઠગાઈનો ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આગળની તપાસ શરૂ કરી દીધી છે.

# નેત્રંગમાં યુરિયા ખાતરની અછત ખેડૂતો કલાકો સુધી લાઇનમાં




**૨થી ૩** કલાક સુધી ઊભા રહ્યા બાદ પણ માંડ-માંડ ૩થી ૪ ગુણ ખાતર જ મળે છે

નેત્રંગ: નેત્રંગ નગર સહિત સમગ્ર પંથકમાં મેઘરાજા મન મૂકીને વરસાદ વરસાવતા સીમોમાં વાવણી કરાયેલું બિયારણ ઊગી નીકળ્યું છે. વરસાદથી પાક સારો થાય એ માટે હાલ ખેડૂતોને યુરિયા ખાતરની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. પરંતુ નેત્રંગ તાલુકામાં ખાતરની અછત સર્જાતાં ૭૮ ગામના ગરીબ આદિવાસી ખેડૂતોને સમયસર ખાતર મળતું નથી. જેના કારણે ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વહેલી સવારથી જ ખેડૂતો નેત્રંગ નગરની સહકારી મંડળીઓના ગોડાઉન અને ખાનગી વિક્રેતાઓની દુકાનો આગળ લાંબી લાઇનોમાં ઊભા રહે છે. ૨થી ૩ કલાક સુધી ઊભા રહ્યા બાદ પણ માંડ-માંડ ૩થી ૪ ગુણ ખાતર જ મળે છે. ખેડૂતોને વગર માથાકૂટે પૂરતા પ્રમાણમાં ખાતર મળી રહે તે માટે ઝઘડિયાના ધારાસભ્ય રિતેશ વસાવા, ભરૂચ જિલ્લા સાંસદ મનસુખ વસાવા તેમજ ભારતીય કિસાન મોરચા ભરૂચ જિલ્લા પ્રમુખ અને એપીએમસી વાલિયાના પ્રમુખ યોગેન્દ્રસિંહ મહિડા દ્વારા સરકારમાં લેખિત રજૂઆત કરી વહેલી તકે સમસ્યાનો નિરાકરણ લાવવામાં આવે તેવી માંગ નેત્રંગ-વાલિયા તાલુકાના ખેડૂતોમાં ઊઠી છે.

# બારડોલી સુગર ફેક્ટરીની ચૂંટણી પહેલાં જ વિવાદ ઘેરાયો

**ઝોનવાઈઝ** પદ્ધતિની માંગ સાથે હાઈકોર્ટ જવાની ચીમકી

બારડોલી: સુરત જિલ્લાના સહકારી ક્ષેત્રમાં અગ્રણી ગણાતી બારડોલી સુગર ફેક્ટરીની આગામી ચૂંટણી અગાઉ પ્રક્રિયાને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. વર્તમાન સંચાલકો દ્વારા ચૂંટણી જનરલ પદ્ધતિથી યોજવાના થઈ રહેલા પ્રયાસો સામે સભાસદોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. જાગૃત સભાસદોએ આ પ્રક્રિયાનો વિરોધ કરીને જનરલને બદલે ઝોનવાઈઝ પદ્ધતિથી જ ચૂંટણી યોજવાની પ્રબળ માંગ કરી છે.

હાલ ફેક્ટરીની ચૂંટણી માટે મતદાર યાદી પ્રસિદ્ધ કરીને વાંધા-સૂચનો મંગાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ દરમિયાન સ્વાતિ પટેલ અને પરેશ પટેલ સહિતના સભાસદોએ ચૂંટણી અધિકારી સમક્ષ સત્તાવાર રજૂઆત કરી હતી. આ મુદ્દે પ્રાંત અધિકારી કચેરી ખાતે યોજાયેલી સુનાવણીમાં સભાસદોએ દલીલ કરી હતી કે ફેક્ટરીના પેટા કાયદા અને સહકારી જોગવાઈઓ મુજબ વર્ષ-૨૦૧૫માં પણ ઝોનવાઈઝ ચૂંટણી યોજાઈ હતી, તેથી વર્ષ ૨૦૨૬ની ચૂંટણી પણ એ જ પદ્ધતિથી યોજવી જરૂરી છે.

સભાસદોના જણાવ્યાનુસાર ઝોનવાઈઝ પદ્ધતિથી દરેક વિસ્તારને સમાન પ્રતિનિધિત્વ મળે છે અને સભાસદોના હિતોનું રક્ષણ થાય છે. જ્યારે જનરલ પદ્ધતિથી કેટલાક વિસ્તારોનું પ્રતિનિધિત્વ ઘટી શકે છે. હાલ ચૂંટણી અધિકારીના નિર્ણયની રાહ જોવાઈ રહી છે, પરંતુ જો યોગ્ય નિર્ણય નહીં આવે તો સભાસદોએ આ મામલે હાઈકોર્ટમાં જવાની સ્પષ્ટ ચીમકી આપી છે.

# સોડગામમાં પાર્ક કરેલાં બે ડમ્પરમાંથી ડીઝલની ચોરી

ભરૂચ: વાલિયાના સોડગામ પેટ્રોલ પંપ ખાતે પાર્ક કરેલાં બે ડમ્પરમાંથી અજાણ્યા તસ્કરો ડીઝલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ વાલિયાના કોસમાડી ગામે રહેતા આશિષભાઈ વસાવા ટ્રક ડ્રાઈવિંગ કરી ગુજરાન ચલાવે છે. આશિષભાઈ અને તેમના સાથી ડ્રાઈવરોએ ગત તા.૧૭ જુલાઈએ રાત્રે પોતાનાં ત્રણ ડમ્પર સોડગામ પેટ્રોલ પંપ પર લોક કરી મૂક્યાં હતાં. બીજા દિવસે સવારે આવીને જોતાં બે ડમ્પર નં.(GJ-16-AU-6136 અને GJ-16-AU-6231)ની ડીઝલ ટાંકીના લોક તૂટેલી હાલતમાં મળ્યા હતા અને ત્રીજા ડમ્પરના લોકમાં ચાવી તૂટેલી હતી. ચકાસણી કરતાં બંને ડમ્પરમાંથી કુલ ૨૦૦ લીટર ડીઝલ (જેની આશરે કિંમત રૂ.૧૯,૬૦૦) ચોરાઈ ગયું હોવાનું માલૂમ પડ્યું હતું. આ બાબતે વાલિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે વાલિયા પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભરૂચનો છેતરપિંડીનો આરોપી ઝડપાયો

ભરૂચ: ભરૂચ સી ડિવિઝન પોલીસે રૂ.૧.૪૮ લાખની સાયબર છેતરપિંડીનો ગુનો ઉકેલી કાઢ્યો છે. ટેક્નિકલ તપાસના આધારે મોબાઈલ હેક કરી નાણાં પચાવી પાડનાર આરોપી અવિનાશ યાદવને મુંબઈના કાંદીવલીથી ઝડપી લેવાયો છે.

# ભરૂચમાં યુવતીને હેરાન કરનારો ભેરવાયો

ભરૂચ: ભરૂચ જિલ્લામાં ફળિયામાં જ રહેતા એક શખ્સ દ્વારા અપરિણીત યુવતીને મોબાઈલ પર અપશબ્દો કહી, જાનથી મારી નાંખવાની, બદનામ કરવાની અને ફોટા વાયરલ કરવાની ધમકી આપી માનસિક હેરાનગતિ કરવામાં આવતી હતી. અગાઉ પણ આરોપીએ રસ્તો રોકી મારપીટ કરી કપડાં ફાડી નાંખ્યાં હતાં. પોતાની પત્ની અંગેની ખોટી શંકાના આધારે આ શખ્સ યુવતીને ટાર્ગેટ કરતો હતો. ગભરાયેલી યુવતીએ 'અભયમ 181' હેલ્પલાઈન પર સંપર્ક કરતાં ટીમ ત્વરિત સ્થળ પર પહોંચી હતી. ટીમે પીડિતાનું કાઉન્સેલિંગ કરી હિંમત આપી હતી અને આરોપીને સમન્સ પાઠવી કાયદાનું ભાન કરાવ્યું હતું. કાયદાકીય કાર્યવાહીના ડરથી આરોપીએ પોતાની ભૂલ સ્વીકારી, યુવતીની માફી માંગી ભવિષ્યમાં આવી ભૂલ ન કરવાની બાંયધરી આપી હતી.

# ભરૂચમાં વિકાસ કામો મુદ્દે વિપક્ષ અને પાલિકા પ્રમુખ વચ્ચે 'તું તું મેં મેં'

**પાલિકા** પ્રમુખની ચેમ્બરમાં જ ધરણા



ભરૂચ: ભરૂચ નગરપાલિકાની ચૂંટણી પૂરી થઈ ગઈ છે, પરંતુ હજુ પણ અનેક વોર્ડમાં માળખાગત કામો અધૂરાં પડ્યાં છે. ત્યારે આજે વોર્ડ નંબર 11ના પેવર બ્લોક, ડ્રેનેજ અને રસ્તાનાં કામોના વિલંબને લઈને કોંગ્રેસના સભ્યો અને પાલિકા પ્રમુખ દેવેન્દ્ર વસાવા વચ્ચે જોરદાર ઘર્ષણ થયું હતું. આ ઘટનાએ સમગ્ર પાલિકા પરિસરમાં ચકચાર મચાવી દીધી હતી.

વિપક્ષી સભ્યો શમશાદ અલી સૈયદ, જીગ્નેશ બ્રહ્મભટ્ટ, સલીમ અમદાવાદી, હેમેન્દ્ર કોઠીવાલા, ઝુબેર પટેલ અને નિખિલ શાહ સહિતના આગેવાનો સીધા પાલિકા પ્રમુખની ચેમ્બરમાં પહોંચી ગયા હતા. તેમણે વોર્ડ-11માં વિકાસકામો 'ગોકળગતિ'માં ચાલતા હોવાનો આક્ષેપ કરતાં ધરણાં પણ શરૂ કરી દીધાં હતા. ચર્ચા દરમિયાન વાતાવરણ એટલું તંગ બન્યું કે વિપક્ષીઓએ પ્રમુખની ચેમ્બરમાં જ બેસીને નારેબાજી કરવા માંડી હતી.

વિપક્ષી શમશાદ અલી સૈયદે આક્ષેપ કર્યો કે, અમે લોકોની સમસ્યાઓ લઈને રજૂઆત કરવા આવ્યા હતા, પરંતુ અમારી વાત સાંભળવાને બદલે અમને પોલીસ બોલાવવાની ધમકી આપવામાં આવી, જે અત્યંત શોકજનક છે.

# આમલાખાડી બ્રિજની દુર્દશા: જાહેરનામાની ઉપેક્ષા કરી વાહનો પસાર થયાં!

**અંકલેશ્વર**-હાંસોટ રોડ પર આમલાખાડી ડાયવર્ઝનનું ધોવાણ

ભરૂચ: આમલાખાડીથી પસાર થતા અંકલેશ્વર-હાંસોટ રોડની સ્થિતિએ સ્થાનિક લોકોની મુશ્કેલીઓ વધારી દીધી છે.

અગાઉ ગત 8મી જુલાઈએ આવી સ્થિતિને ધ્યાનમાં લઈને વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટે આ માર્ગ પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકતો હુકમ બહાર પાડ્યો હતો, જે 9મી નવેમ્બર સુધી અમલમાં રહે તેવું જાહેરનામું કરવામાં આવ્યું હતું. પરંતુ વાસ્તવિકતા એ છે કે જાહેરનામું બહાર પડ્યા બાદ પણ ડાયવર્ઝન રિપેર કરતાં જ બેરિકેટ્સ હટાવી દેવામાં આવ્યાં અને ફરી વાહનોની અવરજવર શરૂ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે આ દાંડી હેરિટેજ નેશનલ હાઈવેનો ભાગ છે, જ્યાં ચોમાસા પૂર્વે આમલાખાડીમાં ભારે પાણી આવે તે સ્વાભાવિક છે. છતાં પણ વિભાગે નાનકડાં ભૂંગળાં મૂકી ડાયવર્ઝન સંકુચિત બનાવ્યું હતું. અખબારોમાં આ અંગે અહેવાલો પ્રકાશિત થયા છતાં વિભાગની આંખ ન ખૂલી. રાજ્યના પાણી પુરવઠા મંત્રીએ પણ ચોમાસા પહેલા સૂચના આપી હતી, છતાં ડાયવર્ઝન મોટું કરવામાં કોઈ રસ દાખવવામાં ન આવ્યો હતો. આખરે ચોમાસામાં માંડ બે ઈંચ વરસાદ ખાબકતાં જ આમલાખાડીમાં પાણી ઉભરાયું અને ડાયવર્ઝન સંપૂર્ણપણે ધોવાઈ ગયું હતું. આથી હાંસોટ અને અંકલેશ્વરના અનેક ગામો કફોડી સ્થિતિમાં મુકાઈ ગયા છે.

# ઝઘડિયામાં ચાંદીપુરાનો શંકાસ્પદ કેસ: બાળકી હોસ્પિટલમાં દાખલ

**3** વર્ષની બાળકીનાં સેમ્પલ લેવાયાં

ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયા તાલુકામાં ચાંદીપુરા વાયરસનો એક શંકાસ્પદ કેસ સામે આવતાં આરોગ્ય તંત્ર દોડતું થયું છે. અહીંની એક ૩ વર્ષની માસૂમ બાળકીમાં અચાનક તબિયત લથડતાં વાયરસનાં શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યાં હતાં. બાળકીને તાત્કાલિક ભરૂચની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે, જ્યાં તેને ખાસ તૈયાર કરાયેલા ચાંદીપુરા વોર્ડમાં તબીબોની દેખરેખ હેઠળ રાખવામાં આવી છે. હાલ બાળકીની સ્થિતિ સ્થિર છે અને વાયરસની પુષ્ટિ માટે સેમ્પલ ગાંધીનગર સ્ટેટ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી કલેક્ટર અને મુખ્ય આરોગ્ય અધિકારી ડો.મુનિરા શુકલાએ હોસ્પિટલની મુલાકાત લઈ સ્થિતિની સમીક્ષા કરી હતી. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં ઘરે-ઘરે સઘન સરવે શરૂ કરાયો છે. સેન્ડફ્લાય અને મચ્છરોના ઉપદ્રવને રોકવા મેલેથિયોન પાઉડરનું ડસ્ટિંગ તેમજ એન્ટી-લાર્વા કામગીરી હાથ ધરાઈ છે. આરોગ્ય વિભાગે નાગરિકોને ગભરાયા વગર સાવચેત રહેવા અને ક્લોરિનયુક્ત પાણી પીવા અપીલ કરી છે.

# બારડોલીના વોર્ડ નં.૬માં વરસાદી કોતર પર દબાણથી જળ અવરોધ

**કોર્પોરેટર** કાલુ શાહની લેખિત રજૂઆત

બારડોલી: બારડોલી નગરપાલિકાના વોર્ડ નં.૬માં આવેલા રહીમનગર અને શાહીન પાર્ક સોસાયટી નજીક કુદરતી વરસાદી પાણીના નિકાલની કોતર પર થયેલાં ગેરકાયદે દબાણો દૂર કરવા અંગે સ્થળના કોર્પોરેટર કાલુ કરીમ શાહે બારડોલી પ્રાંત અધિકારી (SDM)ને એક લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યાનુસાર કેટલાક લોકો દ્વારા પોતાના અંગત હિત માટે કોતર પર માટી, કાટમાળ અને પાકા બાંધકામો ખડકી દઈને કુદરતી પ્રવાહને સંપૂર્ણપણે અવરોધિત કરી દેવામાં આવ્યો છે. પરિણામે સામાન્ય વરસાદમાં પણ ૧થી ૨ ફૂટ સુધી પાણી ભરાઈ જાય છે. આ રસ્તો મદ્રેસા હાઈસ્કૂલ તરફ જતો હોવાથી દરરોજ આશરે ૨૫૦૦થી ૨૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ અહીંથી પસાર થાય છે, જેથી બાળકોની સુરક્ષા સામે મોટો પ્રશ્ન ઊભો થયો છે. વધુમાં નજીકમાં ટ્રાન્સફોર્મર હોવાથી પાણીમાં વીજપ્રવાહ ઊતરવા સાથે જાનહાનિ થવાની ભીતિ સેવાઈ રહી છે. આગામી ૭ દિવસમાં થયેલી કામગીરીનો લેખિત અહેવાલ માંગ્યો છે. ઉકેલ ન આવે તો કલેક્ટર, DDO અને ગાંધીનગર શહેરી વિકાસ વિભાગ સુધી રજૂઆત કરવાની તેમણે ચીમકી ઉચ્ચારી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પાલોદ નજીક હાઇવે પર વાને રિક્ષાને ટક્કર મારતાં ચાલકનું મોત


ઈબ્રાહીમ કાનુ

હથોડા: પાલોદ નજીક હાઇવે પર આગળ ચાલતી રિક્ષાને પાછળથી પૂરઝડપે ધસી આવેલી ઇકો કારના ચાલકે ધડાકાભેર અથડાવી દેતાં રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. જ્યારે રિક્ષા ચાલકને ઇજા થતાં ઘટના સ્થળે મોત થયું હતું. આ બનાવની જાણ થતા ઘટના સ્થળે પહોંચેલી પોલીસે લાશનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માતને પગલે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતાં પોલીસે કવાયત કરવી પડી હતી.

### બારડોલીના અકોટીમાં 10 જ દિવસમાં બીજો કદાવર દીપડો પાંજરે પુરાયો



બારડોલી: બારડોલીના અકોટી ગામમાં છેલ્લા કેટલાક સમયથી વન્યજીવોની અવરજવર વધતાં સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ હતો. થોડા દિવસો પહેલાં સીસીટીવીમાં દીપડો શ્વાનનો શિકાર કરતો દેખાતાં ગ્રામજનોએ વન વિભાગને રજૂઆત કરી હતી. વન વિભાગે ૨૦ દિવસ પહેલાં મુકેલા પાંજરામાં એક દીપડો ઝડપાયો હતો. પરંતુ, શ્રમિકોના વસવાટવાળી આંબાની વાડી પાસે ફરી નવો દીપડો જોવા મળતાં મજૂર પરિવારોમાં ચિંતા પ્રસરી હતી. શ્રમિકોની સુરક્ષા માટે વન વિભાગે ફરી પાંજરું ગોઠવ્યું હતું, જેમાં બુધવારે વહેલી સવારે વધુ એક કદાવર દીપડો કેદ થઈ ગયો હતો. 10 દિવસમાં બીજો દીપડો પકડાતાં અકોટી ગામમાં રાહત વ્યાપી છે.

### પાલોદ પોલીસની હદમાં દારૂ ઝડપાયો

હથોડા: પાલોદ પોલીસ મથકની હદમાં SMCની અગાઉની રેડ બાદ હજુ તો અધિકારીઓની બદલીની સ્યાહી સુકાઈ નથી ત્યાં SMCએ ફરી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. નાની નરોલી નજીક હાઈવે પરથી ઈંગ્લિશ દારૂ અને આઈસર ટેમ્પો મળી કુલ રૂ.૨૯ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. ઘટના સ્થળેથી રાજસ્થાનના ચાલક ઝુંઝારામ પદ્મારામ સાવની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં સુરતના સુરેન્દ્ર રબારી, ટેમ્પો માલિક તથા દારૂ મોકલનાર અને મંગાવનારને વોન્ટેડ જાહેર કરી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### ભરૂચમાં પતિ અને પ્રેમિકાએ ધમકી આપતાં પરિણીતાની પોલીસ ફરિયાદ

ભરૂચ: ભરૂચ મહિલા પોલીસ સ્ટેશનમાં પીડિતાએ પતિ રાહુલ સોલંકી અને તેની કથિત પ્રેમિકા હેતલબેન સામે શારીરિક-માનસિક ત્રાસ, ધમકી તથા બાળકના ભરણપોષણ ન આપવાના આરોપ સાથે ગુનો નોંધાવ્યો છે. 112 ની મદદથી પતિના ઘરે પહોંચતાં બંને એક જ રૂમમાંથી મળી આવ્યાં હતાં. પોલીસે કેસ નોંધી મહિલા હેડ કોન્સ્ટેબલ લીનાબેન વસાવાએ આગળની તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં બાઈક ચોરનારો ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસીની અતુલ કંપનીના ગેટ પાસેથી પાર્ક કરેલી જીતુભાઈ બચુભાઈ વસાવા (રહે.,રાજપારડી)ની હોન્ડા શાઇન નં.(જીજે-૧૬-બી.ઈ.૦૨૭૩) ચોરાતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ગણતરીના કલાકોમાં જ ભેદ ઉકેલી દઢાલ ગામે રહેતા આરોપી રાજકપુર ગુપ્તાને રૂ.૧૫ હજારની ચોરાયેલી મોટરસાઇકલ સાથે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

### અનાવલમાં ગેસ પાઇપલાઇનના ખોદકામથી પિકઅપ વાન ફસાઈ



ભોરિયા: અનાવલ ગામમાં ગેસ કંપનીના આડેધડ ખોદકામથી ગ્રામજનો અને વાહનચાલકો પરેશાન થયા છે. યોગ્ય સમતલીકરણ ન થતાં સવારે એક પિકઅપ વાન અને ભેંસ કાદવ-ખાડામાં ફસાઈ ગયાં હતાં. જુબેરભાઈએ નિ:સ્વાર્થ ભાવે ટ્રેક્ટર વડે વાન બહાર કાઢી માનવતા દર્શાવી હતી.

### કામરેજમાં કોપર વાયર ચોરનાર ૪ પકડાયા

પલસાણા: પલસાણા નજીક સુરત જિલ્લા એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડે કામરેજના અલુરા ગામ સ્થિત વર્ધન ઇન્ડસ્ટ્રિયલ પાર્કની નવી બનેલી ટેક્સટાઇલ કંપનીમાંથી કોપર વાયર ચોરી કરનાર ૪ આરોપી હલધરૂના પવન ગરાસીયા અને વિજય પવાર, કારેલીના રણજીત વર્મા, બનારસના સાજીદ અંસારીને વલથાણ સર્વિસ રોડ પરથી ઝડપી પાડ્યા હતા. પોલીસે કાર, ૧૬ કિલો કોપર તાર, મોબાઈલ અને રોકડ મળી કુલ ૭.૩૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### મનાડમાં જુગાર રમતા ચાર ઝડપાયા

ભરૂચ: ભરૂચના મનાડ ગામના ત્રણ રસ્તા પાસે આવેલી મઢુલીમાં ચાલતા જુગારધામ પર ભરૂચ રૂરલ પોલીસે સફળ દરોડો પાડ્યો હતો. પોલીસે દરોડો પાડી સ્થળ પરથી પત્તાં-પાનાં વડે હાર-જીતનો જુગાર રમતા અભિજીતસિંહ ડોડિયા, લક્ષ્મણભાઈ રાઠોડ, દિલીપભાઈ રાઠોડ અને મુકેશભાઈ રાઠોડને રંગેહાથ ઝડપી લીધા હતા. જ્યારે વિજયભાઈ રાઠોડ, રોહિતભાઈ રાઠોડ અને રમેશભાઈ રાઠોડ નામના ત્રણ ઈસમ સ્થળ પરથી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી અંગજડતીના તથા દાવ પરથી મળી કુલ રૂ.૧૯૩૦ની રોકડ રકમ તેમજ પત્તાં-પાનાં જપ્ત કર્યાં હતાં. પોલીસે સાતેય આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### હાંસોટમાં ટ્રેક્ટર પલટી જતાં ચાલક ઘાયલ

ભરૂચ: ભરૂચના હાંસોટ સ્થિત કૃષિ સંશોધન કેન્દ્રમાં ખેતીકામ દરમિયાન ટ્રેક્ટર અચાનક પલટી મારી જતાં ચાલક ટ્રેક્ટર નીચે દબાયો હતો. ઘટનાની જાણ થતાં જ દોડી આવેલા સ્થાનિકોએ જેસીબીની મદદથી ટ્રેક્ટર ઊંચકીને ચાલકને બહાર કાઢ્યો હતો. ઈજાગ્રસ્ત ચાલકને તુરંત હોસ્પિટલ ખસેડાતાં તેની સારવાર ચાલી રહી છે.

### બેંક સાથે છેતરપિંડી કરનાર ઝડપાયો

પલસાણા: ઉમરા પોલીસ સ્ટેશનમાં રૂ.૯૨.૯૫ લાખની બેંક છેતરપિંડીના ગુનામાં છેલ્લાં ત્રણ વર્ષથી નાસતા-ફરતા આરોપી મધ્યપ્રદેશના ભીંડ વિસ્તારના વિવેક ગુપ્તાને કડોદરા GIDC પોલીસે બાતમીના આધારે ઝડપી લીધો હતો. બોગસ દસ્તાવેજોથી પર્સનલ લોન મેળવી ફરાર થયેલા આરોપીને આગળની કાર્યવાહી માટે ઉમરા પોલીસને સોંપાયો છે.